# બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે પ્રજાસત્તાકદિનની ઉજવણી




૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ, ભગવાન સ્વામિનારાયણ તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજના દિવ્ય આશીર્વાદથી BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર ખાતે ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસ અને પ્રથમ વાર્ષિક ખેલોત્સવનું ભવ્ય, શિસ્તબદ્ધ અને દેશભક્તિપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી. આ શુભ અવસર પર BAPS સ્વામિનારાયણ મંદિર, જામનગરના કોઠારી સ્વામી પૂજ્ય ધર્મનિધિ સ્વામીજીની પાવન ઉપસ્થિતિ સાથે સાથે મુખ્ય મહેમાન જાડેજા, મંદિરના અન્ય સંતો, વિદ્યાલયના આદરણીય સ્ટાફ સભ્યો, વાલીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆત ધ્વજવંદન વિધિથી થઈ, જે ગૌરવ, સન્માન અને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી સંપન્ન થઈ. વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક તથા ખેલ પ્રવૃત્તિઓ દ્વારા દેશપ્રત્યેનો પોતાનો ભાવ અને શિસ્તનું સુંદર પ્રદર્શન કર્યું. વાર્ષિક ખેલોત્સવના અવસરે વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ માટે પણ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું, જેના દ્વારા શારીરિક તંદુરસ્તી, સહકાર અને સ્વસ્થ સ્પર્ધાની ભાવનાનો વિકાસ થશે . સમગ્ર દિવસ આનંદ, ભક્તિ અને ઉષ્માભર્યા વાતાવરણમાં ઉજવાયો અને તમામ માટે સ્મરણિય રહ્યો.

### જામનગર ઈન્ડિયન ડેન્ટલ એસો.ની શાખામાં

## નારી સશક્તિકરણના દર્શન સાથે રચાયો નવો ઈતિહાસ

### વર્ષ ૨૦૨૬ માટે ૩૬ મહિલા ડેન્ટિસ્ટ તબીબોની મહિલા ટીમની વરણી કરી નેતૃત્વને વિશેષ પ્રાધાન્ય અપાયું

જામનગર : ઈન્ડિયન ડેન્ટલ એસોસિયેશનની જામનગર શાખામાં વર્ષ ૨૦૨૬ માટે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. અને નારી સશક્તિકરણના દર્શન થયા છે. એસોસિયેશનના નવા હોદેદારો તરીકે સંપૂર્ણ (૩૬ મહિલા તબીબ) મહિલાઓની ટીમની વરણી કરવામાં આવી છે, જે દંતચિકિત્સા ક્ષેત્રમાં મહિલાઓના સશક્ત નેતૃત્વ અને કાર્યક્ષમતાનું પ્રતીક બની છે.

ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન હોટલ સયાજી ખાતે યોજાયેલી વાર્ષિક સામાન્ય સભા માં વર્ષ ૨૦૨૫ના પ્રમુખ ડો. દિપ્તીબેન બુચના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. બેઠકમાં વર્ષ ૨૦૨૫ના હોદેદારોની ટર્મ પૂર્ણ થતા વર્ષ ૨૦૨૬ માટે નવી કાર્યકારી સમિતિની સર્વસંમતિથી વરણી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૬ માટે ડો. સ્મિતા રૂપારેલિયાને પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ સંપૂર્ણ મહિલા ટીમ એસોસિયેશનની જવાબદારી સંભાળશે. નવી કાર્યકારી સમિતિમાં સેક્રેટરી તરીકે ડો. ધારા રાણા, ખજાનચી તરીકે ડો. અપૂર્વા ગુપ્તા મહેતા, જોઈન્ટ સેક્રેટરી તરીકે ડો. ખ્યાતિ ગોસાઈ, આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે ડો. નિકિતા અગ્રવાલ, સહાયક ખજાનચી તરીકે ડો. ધ્વનિ કારીયા સહિત કુલ ૩૬ સભ્યોની સંપૂર્ણ મહિલા ટીમનો સમાવેશ થાય છે.




આ સંપૂર્ણ મહિલા ટીમ દ્વારા વર્ષ ૨૦૨૬ દરમિયાન દંત આરોગ્યના ક્ષેત્રે વ્યાપક અને લોકહિતકારી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ખાસ કરીને સામાન્ય નાગરિકોમાં દંત આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મફત ડેન્ટલ ચેક-અપ કેમ્પ, શાળાઓમાં બાળકો માટે ઓરલ હાઈજિન અવેરનેસ પ્રોગ્રામ, તેમજ વૃદ્ધો અને ખાસ જરૂરિયાત ધરાવતા લોકો માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવશે. તેમજ દંતચિકિત્સકોના વ્યાવસાયિક વિકાસ માટે આધુનિક ટેકનોલોજી આધારિત સેમિનાર, વર્કશોપ, હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ પ્રોગ્રામ અને સતત દંત શિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેથી ડોક્ટરો નવીનતમ સારવાર પદ્ધતિઓથી માહિતગાર બની શકે.

નવા નેતૃત્વ દ્વારા સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પણ વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે. મહિલા દંતચિકિત્સકોને મંચ અને માર્ગદર્શન આપવાના હેતુથી મેન્ટરશિપ પ્રોગ્રામ, મહિલા સશક્તિકરણ સંબંધિત કાર્યક્રમો તેમજ પરિવારલક્ષી અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવાની યોજના પણ ઘડવામાં આવી છે.

ઈન્ડિયન ડેન્ટલ એસો.ની જામનગર શાખાની આ પહેલ માત્ર સંસ્થા માટે નહીં પરંતુ સમગ્ર આરોગ્ય ક્ષેત્ર માટે પ્રેરણારૂપ બની રહેશે. મહિલાઓના સંવેદનશીલ, સક્રિય અને આયોજનબદ્ધ નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૬ દરમિયાન સંસ્થા દ્વારા નવી દિશા અને ઊંચા માપદંડ સ્થાપિત થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## રિલાયન્સ ફાઉન્ડેશને ૧.૮ લાખને રોજગારી આપી




મુંબઈ : આ સપ્તાહે 21Mx સેન્ચુરી સ્કીલ કોન્ક્લેવમાં, રિલાયન્સ ફાઉન્ડેશને ૧૨ લાખથી વધુ લોકો સુધી પહોંચવાનો એક સીમાચિહ્ન સર કર્યું છે, જેમાંથી ૩ લાખથી વધુ યુવાનોનું કૌશલ્યવર્ધન કરાયું છે અને ૧.૮ લાખથી વધુ યુવાનોએ રોજગારી પ્રાપ્ત કરી. ઈન્ડસ્ટ્રી લીડર્સ, સ્કીલિંગ પ્રેક્ટિશનર્સ અને યુવા લીડર્સ સાથે, આ કોન્ક્લેવે ભારતના વિકસતા કૌશલ્ય ફલક અને કામના પ્રકારના ભવિષ્ય પર ચર્ચા કરી હતી, અને સાથે શીખવાથી માંડીને કમાણી કરવા સુધી પહોંચેલા યુવાનોની યાત્રાને સેલિબ્રેટ કરી હતી. આમાંના મુખ્ય પ્રવચનો, પેનલ ડિસ્કશન, ફાયરસાઈડ વાર્તાલાપ અને નોકરીઓની દુનિયામાં નેવિગેટ કરતા યુવાનોના પ્રત્યક્ષ અનુભવો સાથે, ભારતના સ્કિલ ઈન્ડિયા મિશનને અનુરૂપ કૌશલ્યવર્ધન અને રોજગારને વેગ આપવાનો આ પ્રયાસ હતો.

સ્વીકૃત, ભવિષ્ય-કેન્દ્રિત કૌશલ્યોની જરૂરિયાત હાલના જેટલી વ્યાપક પ્રમાણ છે તેટલી અગાઉ ક્યારેય નહોતી રહી જેની વચ્ચે ટેકનોલોજી દ્વારા ઉદ્યોગો અને નોકરીની ભૂમિકાઓને નવો આકાર અપાઈ રહ્યો છે, એવો ઉલ્લેખ કરતા, મહારાષ્ટ્ર સરકારના વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ નિયામક માધવી સરદેશમુખે નોંધ્યું હતું કે, “આજે ક્ષમતાઓ સૌથી વધુ મહત્વપૂર્ણ છે. આપણે મજબૂત અને ભવિષ્ય માટે તૈયાર વર્કફોર્સના નિર્માણ માટે માત્ર ડિગ્રી પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ક્ષમતાઓના નિર્માણ તરફ આગળ વધી રહ્યા છીએ. હું રિલાયન્સ ફાઉન્ડેશનને તેની અસરકારક કૌશલ્યવર્ધન પહેલ અને સર કરેલા સીમાચિહ્નો માટે અભિનંદન પાઠવું છું, અને ઉદ્યોગોને PM-SETU જેવી જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા સહકાર સાધીને અપગ્રેડ તેમજ ઉદ્યોગો માટે તૈયાર વર્કફોર્સને વિકસાવવામાં મદદરૂપ થવા વિનંતી કરું છું.”

આ કોન્ક્લેવમાં પોતાના વિચારો વ્યક્ત કરતા, રિલાયન્સ ફાઉન્ડેશનના કૌશલ્યવર્ધન અને રોજગાર કાર્યક્રમના વડા, નુપુર બહલે જણાવ્યું હતું કે, "ભારતની વસતિનો વિશાળ લાભ ત્યારે જ સતત રાષ્ટ્રીય વિકાસમાં પરિવર્તિત થઈ શકશે જ્યારે યુવાનો ભવિષ્ય માટે તૈયાર કૌશલ્યોથી સુસજ્જ રહેશે. ઘણા દાયકાઓથી, રિલાયન્સે ભારતના યુવાબળની પરિવર્તનશીલ શક્તિમાં વિશ્વાસ રાખ્યો છે. આજે, આ વારસો ટેકનોલોજી-સક્ષમ કૌશલ્ય પહેલ દ્વારા આગળ ધપી રહ્યો છે જે તાલીમથી આગળ વધીને અર્થપૂર્ણ રોજગાર અને લાંબાગાળાના કારકિર્દી પથનું નિર્માણ કરે છે, જે યુવાનોના જીવનને ઉન્નતિ તરફ દોરી જાય છે."

સહયોગી ભાગીદારીની અસરો પર પ્રકાશ પાડતા, NSDCôk CEO અરુણકુમાર પિલ્લાઈએ જણાવ્યું હતું કે, "ફ્યુચર રેડી સ્કિલ ઈનિશિયેટિવના પ્રથમ તબક્કાનું સફળ સમાપન તેમજ હજારો ઉમેદવારો સુધી પહોંચવું, એ વાતનો એક મજબૂત પુરાવો છે કે સહિયારા પ્રયાસો મોટાપાયે શું અસર જન્માવી શકે છે. રિલાયન્સ ફાઉન્ડેશન સાથેની અમારી ભાગીદારીએ શીખનારા વર્ગને ઉદ્યોગ-સંબંધિત કૌશલ્યની પ્રાપ્તિ અને પોતાની રોજગારક્ષમતા સુધારવા સક્ષમ બનાવ્યા છે. આપણે બીજા તબક્કામાં આગળ વધી રહ્યા છીએ, તેમ તેમ આપણે ભવિષ્ય માટે તૈયાર કૌશલ્યની પહોંચને વિસ્તૃત કરીને અને ઉભરતી તકો માટે ભારતના કાર્યબળને મજબૂત કરીને આ અસરને વધુ ગાઢ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ."

## મોટા થાવરીયા ગામના વિશાલ લોખિલ સીઆઈએસેફની તાલીમ પૂર્ણ કરી માદરે વતન

જામનગર : જામનગર તાલુકાના મોટા થાવરીયા ગામના વતની વિશાલભાઈ લોખિલ, કે જેઓએ સીઆઈએસએફની કઠણ તાલીમ પૂર્ણ કરી છે. જેઓ ગઈકાલે પોતાના માદરે વતન પહોંતાં પરિવાર અને સમગ્ર ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિશાલભાઈ લોખીલ પોતાના ઘરે પ્રવેશ્યા ત્યારે સ્વાગત કરાયા બાદ તેમના માતા-પિતા સહિતના પરિવારજનોએ ઉમળકાભેર આવકાર આપ્યો હતો. વિશાલભાઈ લોખીલે પણ માતા-પિતાને સલામ ભરી અને પ્રણામ કર્યા હતા, અને બંનેને નમન કરીને પોતાના માથા પરની કેપ ઉતારીને પિતાને તેમજ માતાને પણ પહેરાવીને સલામી જીલી હતી, ત્યારે સર્વે ગ્રામજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા, અને સમગ્ર મોટા થાવરીયા ગામમાં હર્ષનું વાતાવરણ બની ગયું હતું.



## દ્વારકા : ‘નર્મદા શ્રમ અને સેવા શિબિર’માં ઈચ્છુકો અરજી કરી શકશ

દ્વારકા : રાજ્યના કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનાં ઉપક્રમે અને નર્મદા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા ‘નર્મદા શ્રમ અને સેવા શિબિર’ આયોજિત થનાર છે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ૧૫ થી ૩૫ વર્ષની વયના યુવક યુવતિઓ આ શિબિરમાં ભાગ લઈ શકશે, જે માટે માતા-પિતાની મંજુરી સાથેનો લેટર, ફીટનેસ સર્ટીફીકેટ, રમત ગમત કે કલા ક્ષેત્રે કોઈ સિદ્ધિ મેળવી હોય તે અને અભ્યાસની વિગતો ફોર્મ માં જોડીને તા.૩/૨/૨૦૨૬ સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રૂમ નં. ૨૧૭, બીજો માળ, જિલ્લા સેવા સદન, રાજપીપળા, જિલ્લો નર્મદા ખાતે સાદા કાગળ ઉપર તથા નિયત નમૂના ફોર્મમાં અરજી કરીને મોકલવાનું રહેશે. સમય મર્યાદા બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ તેમ દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## સ્વયં શક્તિ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી

જામનગર : સ્વયં શક્તિ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા અંધજન તાલીમ કેન્દ્રના સહયોગથી દેશનો ૭૭મો ગણતંત્ર દિવસ ખૂબ જ ઉત્સાહ અને ગૌરવ સાથે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રધ્વજ ધ્વજવંદન સાથે કરવામાં આવી, જેમાં તમામ ઉપસ્થિતોએ દેશપ્રેમની ભાવનાથી ઓતપ્રોત થઈને રાષ્ટ્રગાન ગાયું.

આ અવસરે અંધજન તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓ દ્વારા પ્રેરણાદાયક વિચારો રજૂ કરવામાં આવ્યા તથા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા. સ્વયં શક્તિ ઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ ગણતંત્ર દિવસનું મહત્વ સમજાવીને સમાજમાં સમાનતા, સ્વાવલંબન અને સેવા ભાવના અંગે માર્ગદર્શન આપ્યું.



કાર્યક્રમ દરમિયાન અંધજન તાલીમાર્થીઓના ઉત્સાહ અને આત્મવિશ્વાસને બિરદાવવામાં આવ્યો તથા તેમને પ્રોત્સાહિત કરવા માટે પ્રેરણાદાયક સંદેશો આપવામાં આવ્યા. ઉપસ્થિત મહેમાનોએ સંસ્થાની સેવાકાર્યની પ્રસંસા કરી અને ભવિષ્યમાં પણ સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

આ કાર્યક્રમ સફળ બનાવવા માટે અંધજન તાલીમ કેન્દ્રના સંચાલકો, સ્વયં શક્તિ ઈન્ડિયા ફાઉન્ડેશનના સભ્યો તેમજ સ્વયંસેવકોનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો.

## જામનગર ફેક્ટરી ઓનર્સ એસો.ના પ્રમુખપદે રામજીભાઈ ગઢિયાની વરણી

જામનગર : જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશનના ૨૦૨૫-૨૮ વર્ષ માટે ના હોદ્દેદારોની બિનહરિફ વરણી થવા પામી છે.

જામનગરના ઔદ્યોગિક ક્ષેત્રની અગ્રગણ્ય સંસ્થા જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશન હાલમાં ૨૧૦૦ જેટલા જાગૃત તથા સક્રિય સભ્યોનું પીઠબળ ધરાવે છે. આ એસો.ની સત્ર ૨૦૨૫-૨૮ ની કારોબારી સમિતિની ચૂંટણીમાં બિનહરિફ ચૂંટાયેલા કુલ ૨૩ સભ્યોમાંથી સત્ર ૨૦૨૫-૨૮ ના હોદ્દેદારોની વરણી કરવા માટે નવા ચૂંટાયેલા કારોબારી સમિતિના સભ્યોની બેઠક, કાર્યકારી ચૂંટણી અધ્યક્ષ મનસુખભાઈ સાવલા ના અધ્યક્ષસ્થાને ગત્ તા. ૮-૭-૨૦૨૫ ને મંગળવારના મળેલી હતી, જેમાં પ્રમુખ પદે રામજીભાઈ એ. ગઢિયા તથા અન્ય હોદ્દદારોમાં ઉપપ્રમુખ પદે ધરમભાઈ કે. જોષી, માનદ્મંત્રી પદે મેહુલભાઈ ડી. જોબનપુત્રા, સહમંત્રી પદે બિપીનભાઈ એ. સોરઠિયા, ખજાનચી પદે હર્ષદભાઈ પી. પણસારા, ઓડિટર પદે અશોકભાઈ આર. સોલંકી તથા એડીટર પદે રાજુભાઈ એમ. ગાગિયાની સર્વાનુમત્તે બિનહરિફ વરણી કરવામાં આવી હતી. જામનગર ફેક્ટરી ઓનર્સ એસો.માં પ્રમુખ પદે વરાયેલા રામજીભાઈ ગઢિયાએ તેમના પર વિશ્વાસ મૂકી તથા પ્રમુખ તરીકે ચૂંટી કાઢવા બદલ કારોબારી સમિતિના તમામ ઉપસ્થિત સભ્યોનો આભાર માની પ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારી સૌ સભ્યોના સાથ અને સહકાર વડે બ્રાસઉદ્યોગના પ્રાણ પ્રશ્નોનો સાનુકૂળ ઉકેલ લાવવા કટીબદ્ધતા દર્શાવી હતી. ઉપસ્થિત સભ્યોએ નવા વરાયેલા પ્રમુખ તથા અન્ય હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી સંસ્થા તથા ઉદ્યોગ જગતના દરેક પ્રશ્નોના ઉકેલમાં તેમના તરફથી પૂર્ણ સાથ અને સહકારની ખાતરી

## જોડિયા હુન્નરશાળાની સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થિનીઓ અને કેપ્ટનનું ગણતંત્ર દિવસે સન્માન

જોડિયા : સૌરાષ્ટ્રની સુપ્રસિધ્ધ ગાંધીવાદી સંસ્થા શ્રી શેઠ કાકુભાઈ જીવણદાસ સ્ત્રી હુન્નર ઉદ્યોગ શાળા સંચાલિત શ્રીમતી યુ.પી.વ્યાસ કન્યા વિદ્યાલય જોડિયાની આઠ વિદ્યાર્થીની અને ગાઈડ કેપ્ટન નેશનલ જંબોરી કેમ્પ લખનઉ (ઉત્તર પ્રદેશ)માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી પીઝન શોમાં ઉત્તમ દેખાવ કરી એ ગ્રેડ સાથે સફળતા મેળવી હતી. આ સિદ્ધી બદલ જોડીયા તાલુકા મામલતદાર દ્વારા ૨૬ જાન્યુઆરી - ગણતંત્ર દિવસના રોજ ખીરી મુકામે તાલુકા કક્ષાએ ઉજવણીમાં પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવેલ છે.

શ્રીમતી યુ.પી.વ્યાસ કન્યા વિદ્યાલય જોડિયામાં અભ્યાસ કરતી આઠ વિદ્યાર્થીનીઓ ઝાટિયા પલક, પટેલ હીર, જોટગીયા યશવી, સમા નાઝમીરા, છૈયા શ્રદ્ધા, રાણવા રિદ્ધિ, મકવાણા પ્રિયા, લોહીયા સુહાની તેમજ શાળાના વ્યાયામ શિક્ષક મમતાબેન જોશી એ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ગુજરાતના લીડર તરીકે કાર્ય કરેલ. ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લાના ભાગે આવેલ પીઝન શો પ્રવૃત્તિમાં વિદ્યાર્થીની બહેનો અને ગાઈડ કેપ્ટને ઉત્તમ દેખાવ કરી એ ગ્રેડ સાથે સફળતા મેળવી હતી અને જામનગર તેમજ ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. આ બદલ યુપી સરકાર દ્વારા અને દિલ્હી ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા એવોર્ડ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.




તેમની આ સિદ્ધી બદલ જોડીયા તાલુકા મામલતદાર ઓફિસ દ્વારા ૨૬ જાન્યુઆરી ગણતંત્રના દિવસના રોજ ખીરી મુકામે તાલુકા કક્ષાએ ઉજવણી થતી હોય ત્યારે પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવેલ છે. જોડિયા ગામના હોદ્દેદારઓ અને અધિકારીઓ દ્વારા પણ શુભેચ્છાઓ આપવામાં આવેલ. આ બહેનોને શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ભરતભાઈ સુખપરિયા, સ્થાનિક ટ્રસ્ટી અશોકભાઈ વર્મા, ટ્રસ્ટી પાર્થભાઈ સુખપરિયા, ટ્રસ્ટી પુનિતભાઈ શેઠ અને શાળાના આચાર્યા ક્રિશ્નાબા ચુડાસમાએ શુભેચ્છાઓ પાઠવી ઉતરોતર જીવનમાં પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવેલ.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, સ્કાઉટ ગાઈડ રાજ્ય સંઘના હોદ્દેદારઓ અને જિલ્લા સંઘ ચીફ કમિશનર યોગેન્દ્રસિંહ જાડેજા અને અન્ય હોદ્દેદાર દ્વારા વિદ્યાર્થીની બહેનોના આ ઉત્તમ કાર્ય બદલ શુભેચ્છાઓ આપવામાં આવેલ.

ગાંધી વિચારોને વરેલી આ સંસ્થા સત્ય, પ્રેમ, કરુણા, સેવા, સ્વાવલંબન, સ્વચ્છતા સાથે સતત કાર્ય કરતી રહે છે. શાળામાં અભ્યાસની સાથે અનેક સહ-અભ્યાસક પ્રવૃત્તિઓ પણ વિદ્યાર્થીઓ કરે છે. આ અનુસંધાને શાળા સ્કાઉટ ગાઈડ, એન. એસ. એસ., એસ. પી. સી., ઈકો કલબ વગેરે જેવી અનેક ઈતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર હોય છે. સાથે-સાથે મહિલા ઉત્કર્ષ, સમાજ સેવા, સાહિત્ય પરિષદ, વિશેષ દિવસની ઉજવણી અને તહેવાર નિમિત્તે વિવિધ પ્રકારના કાર્યક્રમો કરી વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કૃતિનું જ્ઞાન આપવામાં આવે છે.

## જામનગરની વેહવારીયા રાષ્ટ્રીય પ્રાથમિક, માધ્યમિક શાળા ગણતંત્ર દિવસની ઉજવણી



જામનગર : જામનગરમાં વેહવારીયા રાષ્ટ્રીય પ્રાથમિક માધ્યમિક શાળાના પટાંગણમાં ૭૭માં પ્રજાસતાક પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રમુખ અબ્દુલ વહાબ ભાઈના હસ્તે દવજવંદન કરવામા આવ્યુ હતું.

આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી મેહમુદભાઈ વેહવારિયા તથા અબ્દુલ ગફારભાઈ નાખુદા શાળાના તમામ બાળકો, વાલીઓ સાથે મળી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હતી. આ સમયે કુરાન એ હાફીઝ થયેલ શાળાનું બાળક આમીર લુકમાન શેરસીયા તથા આસીમ અયાઝભાઈ ગાંધીનું ટ્રસ્ટ મંડળ વતી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યુ હતું. શાળામા અભ્યાસ કરતા ધોરણ ૧ થી૧૨ ના પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવનાર બાળકો બેસ્ટ સ્ટુડન્ટ, બેસ્ટ ટીચર તથા બેસ્ટ ઈંગ્લીશ અને મેથ્સમા વધુ માર્ક મેળવનાર બાળકો સન્માનિત કરવામા આવ્યા હતા. તથા શાળાના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી સમગ્ર કાર્યક્રમને ખૂબ સુંદર બનાવ્યો હતો.